RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 341 * Date: 02.10.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

'સ્મિત મચ્છર તમે દેશના અસલી હીરો છો': ફ્લાયદુબઈના ગુજરાતી પાયલટના સાહસ પર વિશ્વ ફિદા; PM મોદી, ટ્રમ્પ અને નેતન્યાહૂએ કર્યા વખાણ


દુબઈથી તેલ અવીવ જતી 'ફ્લાયદુબઈ' ફ્લાઈટમાં સહ-પાયલટના હુમલા વચ્ચે ભારતીય કેપ્ટન સ્મિત મચ્છરે અદભૂત વીરતા દાખવી. લોહીલુહાણ સ્થિતિમાં પણ સેંકડો મુસાફરોનો જીવ બચાવી મોટી હોનારત ટાળી. ૅર મોદી, ટ્રમ્પ અને નેતન્યાહૂએ તેમને 'હીરો' ગણાવ્યા. છરી વાગવા છતાં કોકપિટ ખોલી ૧૭૪ લોકોનો જીવ બચાવનાર સ્મિત પર ભારતને ગર્વ છે. દુબઈથી તેલ અવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ' (ઢઢઅઙ્ઘેઢઢૈ)



ફ્લાઈટમાં હવામાં સર્જાયેલા ગંભીર સંકટ અને હુમલાના પ્રયાસ વચ્ચે અદભુત વિરતા દર્શાવનારા ભારતીય કપ્તાન કેપ્ટન સ્મિત મચ્છરના સાહસની આજે સમગ્ર વિશ્વમાં વાહવાહ થઈ રહી છે. લોહીલુહાણ સ્થિતિમાં પણ આકાશમાં સેંકડો નિર્દોષ મુસાફરોનો જીવ બચાવીને મોટી હોનારત ટાળનારા આ ભારતીય પાયલટની બહાદુરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સરાહીને 'હીરો' ગણાવ્યા છે.'અત્યંત ભયાનક સ્થિતિમાં પણ હિંમત ન હાર્યા, ભારતને ગર્વ છે': ૅર મોદીવડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર વિશેષ પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, ×કેપ્ટન સ્મિત મચ્છર એક અસલી હીરો છે. અત્યંત ખતરનાક અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં તેમણે અન્ય લોકોના જીવ બચાવવા માટે અપ્રતિમ હિંમત દર્શાવી છે. તેમની સમયસૂચકતા અને બહાદુરીના કારણે જ એક મોટો અકસ્માત ટળ્યો છે અને સેંકડો લોકો સહીસલામત બચી ગયા છે. સમગ્ર ભારત દેશને કેપ્ટન મચ્છર પર ગર્વ છે.× વડાપ્રધાને કો-પાયલટના હુમલામાં ઘાયલ થયેલા ભારતીય પાયલટ ઝડપથી સ્વસ્થ થાય અને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના પણ કરી હતી.ડોનાલ્ડ ટ્રમ્પ બોલ્યા: 'ગંભીર ઈજા છતાં સંયમ ન ગુમાવ્યો'અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ભારતીય પાયલટના અસાધારણ સાહસને બિરદાવતા તેમને 'હીરો' કહ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઉડાન દરમિયાન સહ-પાયલટે (કો-પાયલટ) કથિત રીતે ભારતીય પાયલટ પર અચાનક હુમલો કરી દીધો હતો. ગંભીર રીતે ઘાયલ થવા છતાં કેપ્ટન સ્મિત મચ્છરે માનસિક સંતુલન અને સંયમ ગુમાવ્યા વિના કટોકટીની સ્થિતિમાં મદદ માંગીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. તેમની આ સૂઝબૂઝે આકાશમાં એક મોટી દુર્ઘટના થતી અટકાવી દીધી છે.નેતન્યાહૂની 'સેલ્યુટ': 'છરી વાગી હોવા છતાં કોકપિટ ખોલી ૧૭૪ લોકોનો જીવ બચાવ્યો 'ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કેપ્ટન સ્મિત મચ્છરની સાહસિકતાને સલામી આપતાં 'ઠ' પર લખ્યું કે:×હું ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરની અસાધારણ બહાદુરીને સલામ (સેલ્યુટ) કરું છું. છરી વાગવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં તેમણે સામી છાતીએ સામનો કર્યો, પ્રતિકાર કર્યો અને કોકપિટનો દરવાજો ખોલીને મુસાફરો તથા ક્રૂ મેમ્બર્સને હુમલાખોર પર કાબૂ મેળવવામાં મદદ કરી.×નેતન્યાહૂએ ઉમેર્યું હતું કે, કેપ્ટન મચ્છરના આ અપ્રતિમ સાહસના કારણે જ ઈઝરાયલી નાગરિકો સહિત વિમાનમાં સવાર તમામ ૧૭૪ મુસાફરોના જીવ બચી શક્યા છે. તેઓ એક સાચા હીરો છે અને તેઓ વહેલી તકે સાજા થઈ જાય તેવી કામના કરું છું.

ફ્લાઈદુબઈની ફ્લાઈટના હાઈજેકનો પ્રયાસ : ગુજરાતી પાયલોટે પ્લેન ક્રેશનું કાવતરું નિષ્ફળ બનાવ્યું

દુબઈથી ઈઝરાયેલ જતી ફ્લાઈટમાં કો-પાયલોટે કેપ્ટનને છરી મારી હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો હતો. ફ્લાઈટ દુબઈની ઢઢ૧૦૭૩માં કો-પાયલોટના હુમલાથી એક જ મિનિટમાં વિમાન ૩૩,૦૦૦ ફૂટથી ૧૭,૦૦૦ ફૂટ નીચે આવ્યું. કેપ્ટનની બહાદુરીથી કો-પાયલોટને કાબૂમાં લઈ સાઉદી અરબમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરાયું. આશરે ૧૮૦ મુસાફરો સુરક્ષિત છે. ઈઝરાયેલે આને આતંકી કૃત્ય ગણાવ્યું છે.દુબઈથી ઈઝરાયેલ જતા વિમાનમાં કો-પાયલોટે કેપ્ટનને છરી મારીબન્ને કેપ્ટન વચ્ચે જપાજપી સમયે




ફ્લાઈટ એક જ મિનિટમાં ૩૩,૦૦૦ ફૂટથી ૧૭૦૦૦ ફૂટ નીચે આવી ગઈતેલ અવીવ : યુએઈથી ઈઝરાયેલ જઈ રહેલી એક ફ્લાઈટને કો-પાયલોટ દ્વારા હાઈજેક કરવા પ્રયાસ થયો હતો, કો-પાયલોટે ફ્લાઈટના કેપ્ટન પર ચાકુ વડે હુમલો કરી દીધો હતો અને બાદમાં ફ્લાઈટ કેશ કરવા પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન માત્ર એક જ મિનિટમાં ફ્લાઈટ ૩૩,૦૦૦ ફૂટથી સીધી ૧૭,૦૦૦ ફૂટ પર આવી ગઈ હતી. જોકે કેપ્ટને હિમ્મત રાખી હતી અને ઘાયલ થવા છતા કો-પાઈલોટને કન્ટ્રોલ કરવા પ્રયાસ કર્યો હતો.ફ્લાઈદુબઈ એરલાઈન્સની ફ્લાટ એફઝેડ૧૦૭૩ દુબઈથી ઈઝરાયેલના તેલ અવીવ સુધી જઈ રહી હતી. ફ્લાઈટમાં આશરે ૧૮૦ જેટલા લોકો હતા. ફ્લાઈટ ઉડાન ભર્યાના અડધો કલાકમાં જ ઈમર્જન્સી એલર્ટ સંદેશો મોકલ્યો હતો, જેનો કોડ ૭૭૦૦ છે, આ કોડ હેઠળ ઈમર્જન્સીની સ્થિતિમાં સંદેશો મોકલાય છે. બાદમાં હાઈજેકિંગના પ્રયાસની શક્યતાઓ બદલ કોડ ૭૫૦૦ હેઠળ સંદેશો મોકલવામાં આવ્યો હતો. કોકપીટમાં કો-પાઈલોટ ચાકુ લઈને ઘૂસ્યો હતો. તેણે બીજા પાયલોટ એટલે કે કેપ્ટનને ચાકુના ઘા મારી દીધા હતા

AI મેકડોનાલ્ડ્સના બર્ગરના ભાવ નક્કી કરે છે: દરેક આઉટલેટ માટે અલગ રેટ

અમેરિકામાં મેકડોનાલ્ડ્સે છૈં અને મશીન લર્નિંગ પ્રાઈઝિંગ સિસ્ટમ અપનાવી છે. આ સિસ્ટમ ૧૪,૦૦૦ આઉટલેટ્સના ડેટાનું વિશ્લેષણ કરીને દરેક રેસ્ટોરાં માટે અલગ ભાવ નક્કી કરે છે. ન્યૂયોર્કમાં, ૨ માઈલના અંતરે બિગ મેકના ભાવમાં ૨૧% નો તફાવત જોવા મળ્યો, જે આ નવી ટેકનોલોજીનું પરિણામ છે. ગ્રાહકોની ચૂકવણી ક્ષમતા અને નજીકના સ્પર્ધકોના ભાવ જેવા પરિબળો ધ્યાનમાં લેવાય છે.છૈં મેકડોનાલ્ડ્સના બર્ગરના ભાવ નક્કી કરે છે: દરેક આઉટલેટ માટે અલગ રેટઅમેરિકામાં મશીન લર્નિંગ પ્રાઈઝિંગ સિસ્ટમ લાગુપ્રાઈઝિંગ એન્જિન ૧૪,૦૦૦ આઉટલેટ્સના ડેટાનું વિશ્લેષણ કરે છે : દર ૨ માઈલે બર્ગરનો ભાવ જુદોન્યૂ યોર્ક : એઆઈની એન્ટ્રી હવે રેસ્ટોરાં બિઝનેસમાં થઈ ગઈ છે. મેકડોનાલ્ડ્સે એઆઈ અને મશીન લર્નિંગ પ્રાઈઝિંગ સિસ્ટમનો ઉપયોગ શરૂ કર્યો છે. અમેરિકામાં મેકડોનાલ્ડ્સનું ફેમસ બિગ મેક કેટલા ડોલરમાં મળશે તે એઆઈ નક્કી કરી રહ્યું છે.રિપોર્ટ મુજબ, કંપનીની પ્રાઈઝિંગ સિસ્ટમ દરેક રેસ્ટોરાં માટે અલગ ઓપ્ટીમલ પ્રાઈઝ સૂચવે છે. તેમાં જે તે વિસ્તારના કસ્ટમર્સ કેટલો ભાવ ચૂકવવા તૈયાર હોઈ શકે છે અને નજીકની રેસ્ટોરાંમાં શું ભાવે બર્ગર અને અન્ય ફૂડ આઈટ્સમ વેચાય છે જેવા પરિબળોનો ઉપયોગ થાય છે. કંપનીનું મશની લર્નિંગ પોતાની ૧૪,૦૦૦ આઉટલેટ્સના ડેટાનું વિશ્લેષણ કરે છે. આ સાથે જ નજીકના વેન્ડીઝ અને બર્ગર કિંગની પ્રાઈઝિંગને પણ મહત્ત્વ આપવામાંઆવેછે. મેકડોનાલ્ડ્સની મોબાઈલ એપ પર કેલિફોર્નિયાના ફેસ્નોની રેસ્ટોરાંમાં બિગ મેકનો ભાવ ૫.૬૯ ડોલર હતો. જ્યારે, બે માઈલ દૂર બીજા આઉટલેટમાં ભાવ ૬.૮૯ ડોલર જોવા મળ્યો હતો. બંને વચ્ચે ૨૧ ટકા ફરક હતો.આ તફાવત કંપનીના પ્રાઈઝિંગ એન્જનને કારણે જ થયો હતો. કંપનીએ તાજેતરમાં રોકાણકારોને જણાવ્યું હતું કે, તેઓ પ્રાઈઝિંગ માટે જેન એઆઈનો ઉપયોગ કરી રહ્યા છે.

અમદાવાદના વૈદ્ય ડો. પ્રેરક શાહને જાપાનની બે વૈશ્વિક પરિષદોમાં વિશેષ આમંત્રણ મળ્યું

આયુર્વેદની ૩૮ વર્ષની સેવા અને ૩૫ દેશોમાં વૈશ્વિક પ્રસાર બાદ અમદાવાદના આયુર્વેદ વૈદ્ય ડૉ. પ્રેરક શાહને હિલ્ટન ટોક્યો ખાતે યોજાનારી ને આંતર રાષ્ટ્રીય પરિષદો માં કરી Keynote Speaker, Session Chair Organizing Committee Member તરીકે આમંત્રણ મળ્યું છે. ઓક્ટોબરમાં તેઆ International Conference on



Traditional Medicine, Ethnomedicine & Natural Therapies ??? Wrold Aging & Longevity Conference (WALC 2026) મા ભારત નું પ્રતિનિધિત્વ કરશે.. બંને પરિષદોના કાર્યક્રમોમાં તેમનાં દ્વીઅહીં વિષયો પણ જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત Ayurveda Association of Japan સાથે મુલાકાત અને Nippon School of Ayurveda ખાતે વિશેષ વ્યાખ્યાન પણ યોજાશે.



ગાંધી જયંતિની પૂર્વ સંધ્યાએ એક સાથે બેંછજી અધિકારીને સરકારે કડક હાથે કાયદાકીય રીતે કાયમ માટે ઘરભેગા કર્યા.સાથે સાથે પૂર્વ આઈ.એ.એસ કે.રાજેશને પણ ફરજમુકત કર્યા.તેમજ પૂર્વ આઈ.એ.એસ ડૉ.ગૌરવ દહિયા ને પણ ડિસ્મિસ કરવામાં આવ્યા.તત્કાલીન સુરેન્દ્રનગરના કલેક્ટર કે.રાજેશ સામે સીબીઆઈ એ ગૂનો નોધીને ધરપકડ પણ કરી હતી.નેશનલ હેલ્થ મિશન ના ડાયરેક્ટર પદે ડૉ.ગૌરવ દહિયા હતા.દિલ્હી સ્થિત મહિલા મિત્રના કેસમાં ડૉ.દહિયા ને સસ્પેન્ડ કરાયા હતા. ગુજરાત સરકાર માં આઈપીએસ લોબીમાં એવું પણ બન્યું હતું કે ગાંધીનગર ડીએસપી આર.એસ.યાદવ ને કોઈ કારણસર સસ્પેન્ડ બાદ ડિસ્મિસ પણ કરાયા હતા અને ઘણા સમય પછી મોદીજી સીએમ હતા અને સ્વ.એસ.કે.નંદા હોમ સેક્રેટરી હતા ત્યારે આર.એસ.યાદવ ને સરકાર માં પરત લઈને એસ.પી બનાવ્યા હતા.



BPA પરિવાર માટે અત્યંત ગૌરવની વાત છે કે અમારા વિદ્યાર્થી રાહુલ વાઘેલા, ગ્રીસના ક્રીટ ટાપુ પર ૪ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન 'ઈન્ટરનેશનલ બ્રેઈલ ચેસ એસોસિએશન' (IBCA) દ્વારા આયોજિત 'દ્રષ્ટિહીન ખેલાડીઓ માટેની ૧૩મી વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ'માં ભાગ લેવા જઈ રહ્યા છે. અમારા વિદ્યાર્થીઓએ ૨ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યે રાહુલ અને પરિતોષ માટે વિદાય સમારોહનું આયોજન કર્યું છે. આપ સૌ આ કાર્યક્રમમાં જોડાઈને તેમને શુભેચ્છા પાઠવવા માટે આમંત્રિત છો. રાહુલને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

It is a matter of great honour fro BPA Family that our students, Rahul Vaghela shall be participating in the 13th Wrold Juniro Chess Championship fro the Visually Impaired roganized by International Braille Chess Association (IBCA) at Crete Island, Greece during 4-12 October. Our students have roganized a Farewell fro Rahul and Paritosh on 2 October 2026 at 10 a.m. Welcome to join and bid them Bon voyage. Heartiest congratulations and best wishes to Rahul.



તંત્રી લેખ

ટ્રમ્પ-જિનપિંગની મુલાકાત બાદ યુએસ-ચીને કર્યો મોટો ખેલ! હવે ભારતે રહેવું પડશે ઍલર્ટ

વોશિંગ્ટનમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચેની બેઠક બાદ વેપાર તણાવમાં નરમાઈ આવી છે. બંને દેશો આશરે ૬૦ અબજ ડોલરના બિન-સંવેદનશીલ માલ પર ટેરિફ ઘટાડવા સંમત થયા છે. અમેરિકા ૭૭ પ્રકારના ચીની માલ પર અને ચીન ૧૬૧૯ પ્રકારના અમેરિકી માલ પર રાહત આપશે. ટ્રેડ ટ્રુસ ૧૦ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે, જેથી વધુ વાટાઘાટો થશે. અમેરિકા અને ચીન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વેપાર તણાવમાં અત્યારે થોડી નરમાઈ જોવા મળી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે વોશિંગ્ટનમાં થયેલી બેઠક બાદ બંને દેશોએ અંદાજે ૬૦ અબજ ડોલરના બિન-સંવેદનશીલ માલ પર ટેરિફ ઘટાડવા સંમતિ દર્શાવી છે. બંને દેશ આશરે ૩૦-૩૦ અબજ ડોલરના આયાતી માલમાં રાહત આપશે.ચીનના રમકડાંથી ઘરવપરાશની ચીજો સુધી ટેરિફમાં રાહઅમેરિકા તરફથી ચીનના ૭૭ પ્રકારના માલને નીચા ટેરિફ માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમાં રમકડાં, નાના ઘરેલુ ઉપકરણો, વાસણો, શણગારની ચીજો અને બાળકો માટેની કેટલીક ચીજોનો સમાવેશ થાય છે. બીજી તરફ, ચીન અમેરિકાથી આવતાં કૃષિ ઉત્પાદનો, માંસ, દૂધની બનાવટો, દરિયાઈ ઉત્પાદનો, સૌંદર્યપ્રસાધનો અને તબીબી ઉપકરણો સહિત ૧૬૧૯ પ્રકારના માલને રાહત આપશે.

સખી વન સ્ટોપ સેન્ટર ભરૂચ ખાતે કન્સાઈ નેરોલેક પેઈન્ટ્સ દ્વારા CSR પ્રોજેક્ટ હેઠળ વિવિધ સુવિધાકીય સાધનો અર્પણ કરાયા



ભરૂચ

ભારત સરકાર પુરસ્કૃત અને મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય (ગાંધીનગર) સંચાલિત 'સખી' વન સ્ટોપ સેન્ટર, ભરૂચ ખાતે પીડિત મહિલાઓને વધુ સુરક્ષિત, સુવિધાજનક અને સાનુકૂળ વાતાવરણ મળી રહે તે હેતુથી કન્સાઈ નેરોલેક પેઈન્ટ્સ લિમિટેડ (સાયખા) દ્વારા ઝજીઈ (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) પ્રોજેક્ટ અંતર્ગત પ્રશંસનીય સામાજિક યોગદાન આપવામાં આવ્યું છે.

કંપની દ્વારા પોતાના ઝજીઈ પ્રોજેક્ટ હેઠળ છેલ્લા બે વર્ષ દરમિયાન સેન્ટરની જરૂરિયાતોને ધ્યાને રાખીને વિવિધ ભૌતિક સુવિધાઓ અને સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઝઝ્ફ કેમેરા સ્થાપન, આંતરિક રંગકામ, ટાઈલ્સ રીપ્લેસમેન્ટ, સ્ટીલના વાસણો, ખુરશીઓ, પાણીનું ડિસ્પેન્સર, એરકુલર, સ્ટીલની તિજોરીઓ, ટેબલ ફેન અને રમતગમતની સામગ્રી પૂરી પાડવામાં આવી હતી.

આ જ શ્રેણી આગળ ધપાવતા, વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન સેન્ટર ખાતે કોમ્પ્યુટર સિસ્ટમ, બેડ, મિક્સર ગ્રાઇન્ડર, સ્ટોરેજ લોકર, સિલાઈ મશીન, પંખા, ખુરશીઓ, વોટર ગીઝર, એર કુલર, બાળકનું પારણું તથા માઈક અને સ્પીકર જેવી અત્યાધુનિક અને ઉપયોગી સુવિધાઓ સોંપવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, 'સખી' વન સ્ટોપ સેન્ટર દ્વારા હિંસાથી પીડિત મહિલાઓને એક જ છત નીચે આશ્રય, કાયદાકીય સહાય, તબીબી સેવાઓ, પોલીસ સહાય, કાઉન્સેલીગ અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આ સંસ્થાનું સંચાલન મહિલા અને બાળ અધિકારીની કચેરી, કણબીવગા, ભરૂચ દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવી રહ્યું છે.આ સુવિધાઓ અર્પણ કરવાના કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી કાશ્મીરાબેન, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી અસ્મિતાબેન, મહિલા પોલીસ સ્ટેશનનાં જીઁ વૈશાલીબેન, ઢઊઁઈઉ કો-ઓર્ડિનેટર સેજલબેન તેમજ કન્સાઈ નેરોલેક પેઈન્ટ્સ કંપની તરફથી ઝર્જી પરેશભાઈ પટેલ, ઈઊંજી મેનેજર મિલનકુમાર માકડિયા, પ્રોડક્શન ઓફિસર દિનેશભાઈ તાઢા, ઊંઈ ઓફિસર ટ્વિંકલબેન પરમાર, ઈઊંજી ટ્રેઈની વૈભવીબેન પરમાર અને વેન્ડર ઈરફાનભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રિપોર્ટર ભરૂચ,

બ્રહ્માકુમારી ડાકોર તેમજ લાયન્સ ક્લબ પીલ ગ્રીમ દ્વારા આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ ઉજવવામાં આવ્યો







આ કાર્યક્રમમાં સિનિયર સિટીઝનના પ્રમુખ અરવિંદભાઈ આઈ કે પાઠક અશકતાશ્રમ ના રશ્મિભાઈ બકુ નીતાબેન લાયન્સ પ્રમુખ રવિન્દ્રભાઈ દિલીપભાઈ શાહ સદભાવના ટ્રસ્ટના પ્રમુખપ્રતિમાબેન ગુજરાત પત્રકાર સંઘના ઉપપ્રમુખ નીતિનભાઈ ખંભોળજા સર્વ મહાનુભાવો એવિશેષ હાજરી આપી હતી આ કાર્યક્રમમાં ૪૬ જેટલા સિનિયર સિટીઝન નું તેમની ઉત્તમ સેવા બદલ ભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતુંબ્રહ્માકુમારી અર્પિતાબેને પુષ્પગુચ્છ દ્વારાસર્વનું સ્વાગત કર્યું હતુંબ્ર કુ નીતાબેન એ સર્વને ઉત્તમ સ્વાસ્થ્ય અને નિવૃત્તિમાં પણ પ્રવૃત્ત રહી માનવતાના કલ્યાણ માટે જીવનને સફળ કરવાનીશુભેચ્છાઓ વ્યક્ત કરી અને માતા પિતાની સેવાસૌથી ઉત્તમ સેવા છેતેવા મંત્ર સાથે સર્વને આવનારી પેઢી માટે તૈયાર કરવામાં વડીલોની સુ ભૂમિકા છે તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું લાયન્સ પ્રમુખ રવિન્દ્રભાઈ એ પણ સર્વ વડીલોના આશીર્વાદ લીધા તેમ જ સર્વ વડીલોની સ્વાસ્થ્ય અને સેવા માટે મંગલ કામના કરી હતી ગુજરાત પત્રકાર સંઘના ઉપપ્રમુખતેમજ સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ના પ્રદેશ મીડિયા કન્વીનર એવા નીતિનભાઈ ખંભોળજા નુ વિશેશ ખેસ અને પુષ્પગુચ્છ મોમેન્ટો અને ભેટ આપી બહુમાન કરવામાં આવ્યું હતું સર્વ ના સહયોગ દ્વારા કાર્યક્રમસફળ બનાવવામાં આવ્યો હતો

કેપ્ટન સ્મિત મચ્છરેના શીઘ્ર સ્વાસ્થ્યલાભ માટે શામળાજી મંદિરમાં વિશેષ પ્રાર્થના



કેપ્ટન સ્મિત મચ્છરેની બહાદુરી અને નિ:સ્વાર્થ સેવાનું ઉદાહરણ આજે સમગ્ર દેશમાં ગૌરવની લાગણી જગાવી રહ્યું છે. વિમાન ઉડ્યન દરમિયાન સર્જાયેલી વિકટ પરિસ્થિતિમાં કેપ્ટન તરીકે તેમણે અદ્ભુત સાહસ, ધૈર્ય અને કર્તવ્યનિષ્ઠાનું પ્રદર્શન કર્યું હતું. પોતાને ગંભીર ઈજાઓ થઈ હોવા છતાં તેમણે અડગ રહીને ૧૭૪ મુસાફરોના જીવનની રક્ષા માટે ફરજ નિભાવી હતી.કેપ્ટન સ્મિત મચ્છરેની આ હિંમત માત્ર વ્યક્તિગત બહાદુરીનું ઉદાહરણ માનવતા, કર્તવ્યપ્રતિબદ્ધતા અને વ્યવસાયિક જવાબદારીનું ઉત્તમ દ્રષ્ટાંત છે. મૂળ ગુજરાતના આ પુત્રની બહાદુરી અને કર્તવ્યનિષ્ઠાથી ગુજરાત સહિત સમગ્ર દેશ ગૌરવ અનુભવી રહ્યો છે. તેમની હિંમત અને સ્થિરતા યુવા પેઢી માટે પણ પ્રેરણારૂપ બની છે.કેપ્ટન સ્મિત મચ્છરેના શીઘ્ર સ્વાસ્થ્યલાભ માટે ભગવાન શામળિયાના અનેક ભક્તો દ્વારા આજે શામળાજી મંદિરમાં વિશેષ પ્રાર્થના અને પૂજા-અર્ચના કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તો આ પ્રાર્થનામાં જોડાયા હતા. વેદિક મંત્રોચ્ચાર સાથે ભગવાન શામળિયાને પ્રાર્થના કરી કે કેપ્ટન સ્મિત મચ્છરેને જલ્દીથી સંપૂર્ણ સ્વાસ્થ્યલાભ પ્રાપ્ત થાય અને તેઓ નિરોગી તથા દીર્ઘાયુ જીવન જીવે.આ પ્રસંગે ભક્તોમાં ભાવનાત્મક અને શ્રદ્ધાસભર વાતાવરણ જોવા મળ્યું હતું. સૌએ એકસાથે પ્રાર્થના કરી કે ભગવાન શામળિયાની અસીમ કૃપાથી કેપ્ટન સ્મિત મચ્છરે જલ્દી સ્વસ્થ થઈ પોતાના પરિવાર અને સ્વજનો વચ્ચે પરત ફરે.

કેપ્ટન સ્મિત મચ્છરેની બહાદુરી, સેવાભાવ અને કર્તવ્યનિષ્ઠાને સાદર વંદન સાથે તેમના પરિવારને પણ આ કપરા સમયમાં સાહસ, શક્તિ અને સહનશક્તિ મળે તેવી ભગવાન શામળિયાના ચરણોમાં પ્રાર્થના કરવામાં આવી હતી.

તસવીર અહેવાલ મહેન્દ્ર પટેલ મઠવાસ

ગાંધીજી ભારતના રાષ્ટ્રપિતા નહીં પણ હિન્દૌસ્તા મુલ્કનાઅબ્બાજાન હતા?

ગાંધીજી એક એવું વ્યક્તિત્વ છે કે તેની અવગણના કરવી તેના વિરોધી માટે મુશ્કેલ નહી લેકિન નામુમકિન હૈ, ભીડું!! કેટલીક વાતોના વડા કરીને એકસ હૈ તો મુમકિન હૈ એવા કપોલકલ્પિત ભ્રમનગરમાં વસતા હોય છે!!આવા લોકોનું અસ્તિત્વ પાણીના પરપોટાની સવિશેષ શેષ નથી!! આવા ક્ષણભંગુર નેતાના શીરા માટે શ્રાવક થયેલા અનુયાયીઓ પ્રતિપળ મેવા આરોગવા સાહેબનો ગગનબોદો જયજયકાર કરવામાં ધન્યતા અનુભવે છે!!

રાષ્ટ્રના પ્રતિનિધિને વરણાગી વસ્ત્રોનો વિલાસ પોષાય નહી એ સત્ય મહાત્માને સમજાયેલું . જે સત્ય કેટલાક ગીધ અને ઘુવડને આજે પણ સમજાતું નથી કે ડાયજેસ્ટ થતું ન હોય તેમ એક નૂર ટાપટીપ લાખ નૂર કપડાંને આત્મસાત કરી તરેહ તરેહના વસ્ત્રો ધારણ કરી મુઠી વેંત ઉંચા હોવાની વંચનામાં રાચે છે!! એમની મુલાકાત સમયે ગરીબોની વસ્તી પર કપડાંના આવરણો લગાવવામાં આવે છે. ગરીબ કલ્યાણની વાતોના વડા અને ગરીબોનો હાડેહાડ તિરસ્કાર એ આજના રાજકારણની તાસીર અને તસ્વીર છે!!નવા લોકો સવાયા અંગ્રેજો પુરવાર થયા છે!!

ગાંધીજી ચુંબક સમાન છે. ગાંધીજીની ચુંબકીય બળથી પ્રસંશકો, વિરોધીઓ, તટસ્થ વગેરે અદમ્ય આકર્ષણથી તેમના તરફ ખેંચાઇ આવે છે. જેમ ખીલી, બ્લેડ લોહચુંબકને ચોંટી જાય છે. તમને તમારા પરદાદા કે પરદાદાના દાદાનું નામ યાદ નહી હોય! આ વાત હું દાવા(લેખકના દાવા ફાઉન્ટેન પેનથી લખાયેલ શબ્દો જેવા સાશ્વત હોય છે. જેના પર પાણીનું ટપકું પડે અને શબ્દો અસ્તિત્વ લોપ કરીને કાગળ પર ફેલાઇ જાય છે!!) સાથે કહેવા તૈયાર છું અલબત, ચુંબક પિતળ કે પ્લાસ્ટિકને આકર્ષી શકતું નથી એ વાત અલગ છે.

કેટલાક સ્વઘોષિત મહાત્માઓને ગાંધીજી આંખમાં પડેલા કણાની જેમ ખુંચે છે. ખુદ શેકેલો કે શેક્યા વગરનો પાપડ ભાંગવા માટે સમર્થ નથી અને ગાંધીજીએ શસ્ત્રો વિના કેવળ સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રોથી અંગ્રેજો પાસેથી આઝાદી કેવી રીતે મેળવી એ હજુ પણ શીરાના કોળિયાની જેમ ગળે ઊતરતું નથી. બલ્કે,માછલીના કાંટાની જેમ ગળામાં ફસાયું છે. સાપે છંછૂદર ગળ્યા જેવું સેમ ટુ સેમ છે. છંછૂદર ગળે ઉતારે તો સાપ મરી જાય અને છંછૂદર બહાર કાઢે તો સાપ આંધળો થઈ જાય. ગાંધીજી જેવો ચમત્કાર હજારો વરસો પછી પણ કોઇ કરી શકે તેવી ક્ષિતિજે સંભાવના દ્રષ્ટિગોચર થતી નથી.ગાંધીજીની ઈર્ષા કરનાર પાસે પ્રજાને સંમોહિત કરી શકે તેવું કરિશ્મેટિક નામ નથી. જે નામને સહારે તરવા માંગે છે એ બેશક બુલબુલની પાંખ પર સવાર થઈ વિશ્વ ભ્રમણ કરી શકે છે.એનાથી સવિશેષ કોઇ ઉપલબ્ધિ કે સિધ્ધિ નથી!! ઓમ ધબાય નમ:!!

ગાંધીજી બસો ટકા હિન્દુ હતા તે સાબિત થયેલ સ્વયંસિદ્ધ સનાતન અને સાશ્વત સમીકરણ છે!! ગાંધીજી પાસે રામનામનું બ્રહ્માસ્ત્ર હતું. ગાંધીની રામઆસ્થા જગજાહેર છે. આદર્શ રાજ્યની કલ્પના વખતે તેઓ હંમેશા રામરાજ્ય બોલતા. રામમનોહર લોહિયાએ ગાંધીજીને રામના વંશજ કહ્યા હતા. અયોધ્યાના ચુકાદામાં હિન્દુઓની આસ્થા ઉપરાંત ગાંધીજીના રામનામના જપ મહત્વના ગણી શકાય. રાજકારણી તરીકે ગાંધી જેટલું રામનામનું બ્રાન્ડિંગ હજી સુધી કોઇએ કર્યું નથી. અયોધ્યાના ચુકાદા અને ગાંધીજયંતીને ઝાઝુ છેટું નહોતું. આ યોગાનુયોગને કદાચ આપણી પરંપરા મુજબ 'રામયોગ' પણ કહી શકાય. મહાત્મા ગાંધી જ્યારે નાના હતા એટલે કે મહાત્મા તરીકે પણ નહિ અને ગાંધી તરીકેની પણ તેમની ઓળખ નહોતી ત્યારે તેમને અંધારાનો અને ભૂતનો બહુ ડર લાગતો હતો. તેમની દાઇ રંભાએ ગાંધીજીને કહેલ કે ડર લાગે તો રામ નામ બોલવું. ગાંધીજીએ પછીથી સ્વીકાર્યું હતું કે રામનામના શસ્ત્રને લીધે કાયમ માટે મારો ડર દૂર થયો હતો. એક રીતે મોહન (કૃષ્ણ!)નામના આ છોકરાની બીક રામનામે ઊડાડી હતી.બાપુને રામનામના કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી !!

જનમાનસ પર રામ અને ગાંધીજીનો કરિશ્મા છે જ. ગાંધીજી હંમેશા પ્રાર્થના પછી ધૂન ગવડાવતા: રઘુપતિ રાઘવ રાજારામ.. - ગાંધીજીએ કહ્યું હતું રામનામ મારા માટે અમોઘ શક્તિ છે.

કેટલાક લોકોના પ્રીતિપાત્ર એવા કનિષ્ઠ નાથુરામે બિરલા મંદિર દિલ્હી ખાતેની પ્રાર્થનાસભામાં ગાંધીજીના ચરણસ્પર્શનું નાટક કરી બાપુને નહી પણ સમગ્ર રાષ્ટ્રને ગોળી મારી ત્યારે મરણાસન્ન બાપુના અંતિમ શબ્દો હે રામ હતા!!બાપુ કે બાપુના પરિવારના હિન્દુ હોવા વિશે કોઇને પણ શંકાકુશંકા કરવાનો સહેજે અધિકાર છે ખરો!??

આઝાદી પછીના સમયમાં ગાંધીજીને હિંદુવિરોધી ચિતરવામાં આવતા રહ્યા છે!, કેટલાક કટ્ટર હિંદુઓ માનવા માંડ્યા કે ગાંધીજી હિંદુઓને અન્યાય કર્યો હતો!!ઝીણા જેવા રાજકારણી તેમને હંમેશાં શંકાની રીતે જોતા અને તેમને માસ્ટર સ્ટ્રેટેજિસ્ટ માનતા.

કેટલાક વોટસએપ યુનિવર્સિટીના હોનહાર સ્કોલરો રાતદિવસ ગાંધીજીની કૂથલી કરવાને જીવનકવન માને છે!! હાડેહાડ હિન્દુ એવા ગાંધીજીને સુન્ની , શિયા, ખોજા , પસમાંદા મુસ્લિમ બનાવવાનો ક્ષુદ્રરથ પ્રયત્ન કરવા અફવાનો સમુદ્રમંથન કરી નફરત, ઉન્માદ, કૌમી વૈમનસ્યનો વિષકૂંપ મેળવવાનાં સફળ રહ્યા છે!!રઘુપતિ રાઘવ રાજા રામ ભજનમાં ઈશ્વર-અલ્લાહ શબ્દ ઉમેરો કર્યો તો કયો સનાતન ધર્મ રસાતાળ ગયો.ગાંધીજી ઉપરાંત પંડિત નહેરૂ, ફિરોઝ ગાંધીને મુસ્લિમ જાહેર કરવાની માનો કે સોપારી લીધી ન હોય. સાપ સૂટ પહેરે એટલે સજ્જન બની શકે નહી!!!

માનો કે કોઇ કોઇ મુસલમાન હોય એટલે આતંકી હોય ,એ માનનીય સન્માનીય, માનવંતા સાંસદ એવા રમેશ વિધુડી નામની ભેજાગેપ પિપુડીની શોચ છે! સનાતન ધર્મની નહી આપણો મહાન ધર્મ બે ભૂજા પહોળી કરી ઈસાઇ, યહૂદી , મુસ્લિમને અંતકરણથી આવકારે છે. પારસી લોકો દૂધમાં સાકર ભળે તેમ આપણી સાથે ભળી ગયા છે એ જ રીતે બાકીના અન્ય ધર્મી ભળી ગયા છે. સદીઓથી મગચોખા ભળી ગયા છે, એ ખીચડીમાંથી મગ અને ચોખા અલગ કરવા એ સમયના કાંટા અવળા ઘુમાવવાની બાબત છે.

મહારાષ્ટ્રમાં એક ભીડે નામે ભેજાગેપ છે. ભેજા ફ્રાય છે. ગોલી માર ભેજેમે,,ભેજા શોર કરતા હૈ. એન આંઇડિયલ્સ માઇન્ડ ઇઝ ડેવિલ્સ ફેકટરી એવું અંગ્રેજીમાં કહેવાય છે.

મહારાષ્ટ્રના અમરાવતીમાં શિવપ્રતિષ્ઠાન હિન્દુસ્તાન સંસ્થાના સંસ્થાપક મનોહર ઉર્ફે સંભાજી ભીડેએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. ૭ ઓગષ્ટ ૨૦૨૩ની રોજ નવી મુંબઈ પોલીસે ગૌતમ બુદ્ધ અને સમાજ સુધારકો મહાત્મા જ્યોતિબા ફૂલે અને પેરિયાર નાઈકર વિરુદ્ધ તેમની કથિત અપમાનજનક ટિપ્પણી માટે ફરિયાદ બાદ સંભાજી ભીડે વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. આ બડબોલા ભેજાગેપે નહેરુને પણ છોડ્યા નથી . યવતમાળમાં વ્યાખ્યાન આપતી વખતે સંભાજી ભિડેએ કહ્યું હતું કે 'પંડિત નેહરુને ભારત પ્રત્યે જરાય પ્રેમ નહોતો. દેશ માટે તેમનું નખ જેટલુંય યોગદાન ન હોવા છતાં તેઓ વડા પ્રધાન બની ગયા હતા. સંભાજી ભિડેએ એક મહિલા પત્રકાર સાથે વાત કરવાની ના પાડી દીધી હતી. કારણ કે, તેમણે બિંદી લગાવી નહોતી. પોતાના નિવેદનોને લઈને મોટા ભાગે વિવાદોમાં રહેતા સંભાજી ભિડેએ કહ્યું કે, મહિલા ભારત માતા જેવી હોય છે, ત્યારે આવા સમયે બિંદી નહી લગાવીને તેને વિધવાની માફક ન જોવી જોઈએ.!!

સંભાજી ભીડે ખુદને ગુરૂજી (એટલે કે ગુરૂ ઘંટાલ??) તરીકે ઓળખાવે છે. આવા ચક્રમને પદ્મશ્રીનું સન્માન આપવા મહારાષ્ટ્ર સરકારે ધૃતરાષ્ટ્રની જેમ ભલામણ કરી હતી. તેની સામે સરકારે રૂટિન કાર્યવાહી કરતાં માંકડને મોહું આવી ગયું છે. તેની હિંમત વધી ગઇ છે. ભીડેની હિંમતનો પુરાવો જુલાઈ ૨૦૨૩માં યવતમાળમાં યોજાયેલી રેલીમાં મળી ગયો!!

એક રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, મહાત્મા ગાંધી મુસ્લિમ જમીનદારના પુત્ર હોવાના પુરાવા છે. મોહનદાસ કરમચંદની ચોથી પત્નીના પુત્ર હતા. કરમચંદે મુસ્લિમ મકાનમાલિક પાસેથી મોટી રકમની ચોરી કરી હતી. ગુસ્સે ભરાયેલા મુસ્લિમ મકાનમાલિકે કરમચંદની પત્નીનું અપહરણ કરી પોતાની પાસે લઈ આવ્યો હતો. ત્યારબાદ તેની સાથે પત્ની જેવું વર્તન કર્યું હતું. તેથી કરમચંદ ગાંધી મોહનદાસના સાચા પિતા નથી. બલ્કે તે એ જ મુસ્લિમ જમીનદારના પુત્ર છે.બોલો, આ સત્યની તમને જાણકારી છે?? કોઇ ઇતિહાસકારે કે નવજીવન પ્રેસે પણ આવી અગત્યની જાણકારી આપી નથી. કેવો મહાપરાધ કર્યો છે. આના માટે નેશન વોન્ટસ ટુ નો નામે ચીખતા, ચિલ્લાતા અર્બન ગોસ્વામી પણ સવાલ કર્યા નથી!!કદાચ સંભાજી ભીડે ગાંધીજીના લંગોટિયા યાર હતા અને ટાઇમ ઝોનમાં ટ્રાવેલ કરી મહત્વના પુરાવા લઇ આવ્યા છે!!

સાલ્લુ સંભાજી ભીડાની અનાપશનાપ વાતમાં કદાચ નવટાંક વજન હોય તો મોટો કેમિકલ લોચો છે. તો તો તો પગાંધીજી ભારત દેશના રાષ્ટ્રપિતા ન કહેવાય (ઘણા વામનો આ બાબતે વિરોધ કરે છે!!!ઇમામોના વડા ઉંમરે ઇલિયાસે ભાગવત સાહેબને રાષ્ટ્રપિતા જાહેર કરી દીધા હતા!!) હવે લોચો એ થયો છે કે લોકોને રટાવો કે ગાંધીજી ભારતના રાષ્ટ્રપિતા નહી પણ હિન્દૌસ્તા મુલ્કનાઅબ્બાજાન હતા!! ભરત વૈષ્ણવ

નવજીવન ઉચ્ચતર બુનિયાદી વિદ્યાલય અમલાઈ ખાતે આપત્તિ વ્યવસ્થાપન અને માર્ગ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અરવલ્લી જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જનજાગૃતિ કેળવવાના હેતુસર શ્રી નવજીવન ઉચ્ચતર બુનિયાદી વિદ્યાલય, અમલાઈ, તા. મોડાસા ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.


જિલ્લા ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર, અરવલ્લી દ્વારા આયોજિત કાર્યક્રમમાં જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર (ટ્રૈબ), ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની આપત્તિઓ દરમિયાન રાખવાની જરૂરી સાવચેતી, આપત્તિ સમયે શું કરવું અને શું ન કરવું તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત માર્ગ સલામતી અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે માટે સાવચેતી અને સલામતીના વિવિધ પાસાઓ દર્શાવતા વિડિયો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આપત્તિ કે અકસ્માતના સમયે ગભરાયા વિના સલામત રીતે પ્રતિભાવ આપવાની સાથે માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા અંગે પણ સમજ આપવામાં આવી હતી.

આ જાગૃતિ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી,ઉ શિક્ષકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOGSS NO. : 407
વિષય :બી"સર્જકની મનગમતી રચના"
શીર્ષકઃ જોજનો દૂર છે
પ્રકાર :પદ્ય,શબ્દોઃ૨૦૫

હે પ્રભુ તે મને ઊંઘ જેવી અમૂલ્ય ભેટ સાવ મફતમાં તો આપી, પણ આ સંસારની પળોજણમાં હું એવો બૂરો ફસાયો કે તે મારાંથી કોસો દૂર છે.

હે પ્રભુ તે મને પરમ શાંતિ જેવી અમૂલ્ય સોગાદ શૂન્ય કિંમતે આપી, પણ મારાં લોભને કોઈ થોભનાં હોઈ અત્યારે તો તે મારાંથી જોજનો દૂર છે.

હે પ્રભુ તે મને અનંત આનંદ જેવો કિંમતી ભાવ સાવ ફોગટ આપી દીધો, પણ મારાં ઈર્ષાળુ અને ઝઘડાળું સ્વભાવને લીધે અત્યારે તો તે મારાંથી માઈલો દૂર છે.

હે પ્રભુ તે મને ચોખ્ખી અને નિર્મળ હવા સાવ વગર પૈસે આપી દીધી, પણ રાજનેતાઓની કેહવાતાં વિકાસની ઘેલછાએ દેશનાં હજારો શહેરોમાં આ શુદ્ધ હવા અમારાંથી અનેક ગાઉ દૂર છે.

હે પ્રભુ તે મને શુદ્ધ વિમલ પાણીની કિંમતી ભેટ સાવ મફત આપી દીધી, ફેકટરીઓ અને ઉદ્યોગોને સાવ નવાં આવેલાં છેં ને લીધે અણિશુદ્ધ પીવાલાયક પાણી તો આજે જોજનો દૂર છે.

હે પ્રભુ તે મને જીવનની સૌથી અમુલ્ય વસ્તુ શ્વાસ સાવ વગર મૂલ્યે આપી દીધો, કાળાં માથાંનાં માનવીનો હવા અને પાણીમાં પ્રદૂષણ અને ખોરાકમાં ભયંકર ભેળસેળનાં ભ્રષ્ટાચારથી આ સ્વાસ્થ્યપ્રદ શ્વાસ બગડ્યો ને તે સાવ જોજનો દૂર છે.

જે થઈ ગયું તે તો ઊંધું કરી શકવું સાવ અશક્ય અને અસંભવ છે. કારણકે આ બધું સારી રીતે પામી શકીએ તેવું માણસનું પ્રફુલ્લિત મન આજે તેનાંથી કેટલાં ય પ્રકાશ વર્ષ દૂર છે.

મનન શાહ, "મનસ"
અમદાવાદ.
★★★★★★★
NOG SS NO : 414
વિષય : સર્જકની મન ગમતી રચના
શીર્ષક : વ્યાકરણ
પ્રકારઃપદ્ય શબ્દોઃ૮૮

બસ તમે આ ખાલી જગ્યા પુરી દે જો,
કૌંસમાં રહેલો પ્રેમ એમાં ભરી દેજો.
હજુ પણ અટક્યો છે સવાલ પ્રશ્નાર્થમાં,
અવતરણમાંથી લાગણી હટાવી દેજો.
ઉદગાર ને આશ્ચર્ય વિરામ જેવી છે જીંદગી,
તમે વચ્ચેથી અલ્પવિરામ હટાવી દેજો.
ભાવવાચક જેવો સ્વભાવ વાંચી લઉં હું,
તમે નકાર કે હકાર વિધાન સમજાવી દે જો.
છંદ અલંકાર ઉપમા ને રૂપક લાગો છો,
વિશેષણથી ભરેલી ગઝલ લખાવી દેજો.
નામને તમારા શું સર્વનામ લગાવવુ હવે ,
પ્રેરક વાક્યનો મને અર્થ સમજાવી દે જો.
કર્તરી છે કે કર્મણી વ્હાલ તમારું કોને ખબર,
લાગણીનો ખૂટતા પ્રત્યય લગાવી દે જો.
અનિલ શ્રીમાળ દહેગામ

★★★★★★★
NOGSS NO. : 416
વિષય : સર્જકની મનગમતી રચના
શીર્ષક : માણસ કેટલો ભ્રમમાં જીવે છે
પ્રકાર. : પદ્ય
શબ્દો. : ૧૦૬

માણસ કેટલો ભ્રમમાં જીવે છે...

સાંજને સૂર્યાસ્ત કહે છે!
સૂર્યનો વળી અસ્ત ક્યારે થયો?
માણસ કેટલો ભ્રમમાં જીવે છે...!
સુખ દુ:ખ જીવનનું ઋતુ ચક્ર છે,
છતાં દુ:ખમાં હતાશ ને સુખમાં ઘમંડ કરે છે,
માણસ કેટલો ભ્રમમાં જીવે છે...!
પુત્ર લાલસામાં દીકરીની ભ્રૂણ હત્યા કરે છે,
દીકરો મોટો થઈ ઘરડાઘરે મોકલે છે.
માણસ કેટલો ભ્રમમાં જીવે છેપ!
હજાર બે હજાર રૂપિયા લઈને મત આપે છે,
અને રામ રાજ્યની અપેક્ષા કરે છે.
માણસ કેટલો ભ્રમમાં જીવે છેપ!
છોકરો કોલેજમાં તબલા વગાડે છે,
બેટો કલેકટર બને એવી બાપ આશ કરે છે.
માણસ કેટલો ભ્રમમાં જીવે છેપ!
મંદિરમાં દેવ દર્શન કરી માનતા માને છે,
બહાર ભૂખ્યા ભિખારીને હડધૂત કરે છે.
માણસ કેટલો ભ્રમમાં જીવે છેપ!

.....મહેન્દ્ર પટેલ "ક્ષિતિજ"
★★★★★★★
NOG ss No. 213.

વિષય :- મનગમતી રચના.
શીર્ષક :- એક પાદર હતું.
પ્રકાર :- ગઝલ.

આ મુંબઈ નામે મહાનગરને પણ, એક પાદર હતું,
ગાય, ભેંશ, ખૂંટિયા બેસતા, ત્યાં એક પાદર હતું.

વડલો, પીપળો, ને લીમડાની છાંયે, પરબ હતું,
સાંજ વેળા, નિતનવા વાવડ દેતું, તે પાદર હતું.

વડવાઈના હિંચકે, ગોવાળિયાઓ લેતા હિંચકા,
એવી ધીંગામસ્તીમાં ધમધમતું, એક પાદર હતું.

મમાઈમાંની માનતા, ને ચોખ્ખા ઘીની લાપસી,
હળીમળી ને આરોગતા, એવું એક પાદર હતું.

હવે ! પ્રભાતે દોડતું, રોજ ટ્રેઈન, બસમાં તે ભરાતું !
પથ્થરોના જંગલને હટાવી જુઓ, અહિં જ પાદર હતું.

પૈસાની દોડધામ, ને પશ્ચિમી પવન, કોણ કોને પૂછે ?
કે, આ મુંબઈ નામે મહાનગરને, પણ એક પાદર હતું,
એક પાદર હતું.. એક પાદર હતું.. હાં એક પાદર હતું જ

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા 'સ્વજન' (જુનાગઢ)
★★★★★★★
NOG. SS No: 194
વિષય : સર્જકની મનગમતી રચના
શીર્ષક : બાપુ તું છે અમર
પ્રકારઃ પદ્ય,શબ્દઃ૧૦૩

સાત સમુદ્ર પાર ગુંજ્યો, સ્વતંત્રતાનો નારો ગજાવ્યો,
?સત્ય અને અહિંસાનો, મક્કમપણે એમણે પંથ અપનાવ્યો,

સાબરમતીનાસંતે દેશ આખાને ગુલામીથી મુક્તતા માટે જગાડ્યો,
લાઠી અને ચશ્મા સાથે, સ્વરાજ્યનો જંગ છેડાયો.

ઝૂકી ગઈ ગુલામી, જ્યારે દેશવાસીઓમાં હામ રેડાયો,
?ખાદી પહેરીને સાદગીના જીવનનો સમુદાયોને માર્ગ ચીંધાયો.

ભૂખ્યાને લાચારના આંસુ લૂછી અસ્પૃશ્યતાનો ભેદ હઠાવાયો,
છાતી પર ગોળીઓ ખાઈને, સ્વતંત્રતાનો કેફ વધુ ઘૂંટાયો.

શાંતિનો સંદેશો આપી, દુનિયામાં મહાત્મા બની પૂજાયો,
?દાંડીકુચના નારાથી, અંગ્રેજશાસનને હચમચાવનાર તરીકે ઓળખાયો.

એકલા હાથે દેશ માટે, કેટલાય મોરચે મક્કમતાથી આગળ વધતો અનુભવાયો,
અપાવી આઝાદી દેશને,સ્વતંત્રતાની આગમાં એ જ પોતે હોમાયો.

'બાપુ 'બની અમર , 'રાષ્ટ્રપિતા'ના બિરુદે તું પૂજાયો,
વિશ્વફલકે બની સન્માનીય લોકહૈયે ચિરંજીવ બની સચવાયો."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.
★★★★★★★
NOG SS No: 168

વિષયઃ સર્જકની મનગમતી રચના
શીર્ષકઃ દિલને ધબકતું રાખવું પડે
પ્રકારઃ પદ્ય શબ્દઃ૧૦૨

દિલને ધબકતું રાખવું, હર કોઈનું કામ નથી ,
દિલને સમુંદરમાં ફેરવવું , હર કોઈનું કામ નથી.

દિલ હોય તો દિલદાર બનીને બતાવું પડે પ્રિયે,
દિલને કોઈ આજે સમજતું નથી, હું કહું છું.

દિલની ગુફામાં જે બેસી ગયા, એ દિલદાર બની ગયા,
દિલને સમજવા અહંકાર રહિત થઈ દિલમાં બેસવું પડે.

દિલથી જ બધું મળે છે દોસ્તો... યારી અને મર્દાગની,
દિલથી મળો, દિલથી ચાહો, દિલવાળાને સ્વીકાર કરો.

દિલવાળાને અહંકાર હોતું નથી, દિમાગ વાળાને હોય છે,
દિલવાળો તો સરળ સુગમ નિર્મોહી સદાબહાર હોય છે.

દિલને ધબકતું રાખવું, હર કોઈનું કામ નથી,
દિલને સમુંદરમાં ફેરવું હર કોઈનું કામ નથી.

બી કે ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ) ઈન્ટરનેશનલ આધ્યાત્મિક લેખક
★★★★★★★
NOG SS NO -162
વિષય- સજૅંકની મનગમતી રચના શીર્ષક- અખંડતાના શિલ્પ સરદાર
પ્રકાર - ગધ , શબ્દો- ૧૪૫

વિશ્વ ની વિરાટ પ્રતિમા ★
ભારત ની અખંડતાના શિલ્પ સરદાર પટેલ ની સૌથી ઊંચી પ્રતિમા હોવાનું ગૌરવ ગુજરાત ને ફાળે જાય છે
સરદાર વલ્લભભાઈ પટેલ ની અસરદાર અને અસરકારક ભૂમિકા જ એક અખંડ ભારત નું નિર્માણ થયું તેમની ભૂમિકા ને સલામ કરવા માટે જ સ્ટેચ્યુ ઑફ યુનિટી નું નિર્માણ કરવામાં આવ્યુ એમ કહી શકાય દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા એક ગુજરાત ની હોય અને એ પણ ગુજરાત માં જ હોય ત્યારે સૌ ગુજરાતી ગૌરવ અનુભવે જ , પણ આ ગૌરવ ત્યારે જ અનુભવી શકાય જ્યારે દરેક ગુજરાતી સરદાર સાહેબ અને તેમની પ્રતિભા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિષે વિશેષ જાણતો હોય
સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે પ્રવાસન ક્ષેત્રે એક વધુ નવી દિશા મળી છે
નમૅંદા લહેરિયા મહોત્સવ ના અવસરે નર્મદા નદી મા આસરે ૬૦૦ પ્રવાસીઓ ની ક્ષમતા ધરાવતી ભવ્ય ક્રૂઝ સેવાનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે
આ આધુનિક ક્રૂઝ દ્વારા પ્રવાસીઓ ને નમૅંદા નદી ની કુદરતી સુંદરતા અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી નો અનુભવ નજારો અનોખા અંદાજમાં માણવા નો અવસર મળશે
રાજ્ય સરકાર નું માનવું છેકે આ નવી સુવિધા થી દેશ વિદેશના આભાર - નિહારીકા રવિયા પ્રવાસીઓ વધુ આકર્ષાશે અને એકતા નગરનું પ્રવાસન વધુ મજબુત બનશે.
જય સરદાર
જય જય સરદાર..!
રેખા રસિક નાકરાણી (મુંબઈ)

કામ જેને મારે એ જીવ અને કામ જેનાથી મરે એ ઈશ્વર.જીવ અમંગલ છે,પ્રભુ મંગલમય છે

કોઈ પણ શુભ કાર્યની શરૂઆતમાં આપણે પહેલા દીવો કરીએ, હાથ જોડીએ. આને શાસ્ત્રમાં મંગલા ચરણ કહે છે. ભગવાન વ્યાસ નારાયણનું મંગલાચરણ કરીને ભાગવતનો આરંભ કરે છે.

પ્રથમ શ્લોક જ છે -×સત્યં પરં ધીમહિ×અમે સત્યનું ધ્યાન ધરીએ છીએ.વ્યાસ ભગવાન જેવા ત્રિકાળ જ્ઞાની,જેમણે વેદોના ચાર ભાગકર્યા ૧૮ પુરાણો લખ્યા,તે કહે છે કે હું પળે પળે ભગવાનના સ્વરૂપના ધ્યાનમાં જ મગ્ન રહું છું. વિચાર કરો, જ્યારે વ્યાસ જેવાને પણ સત્યનું ધ્યાન ધરવું પડે છે, તો આપણે સંસારી જીવોનું શું ગજું?

ભાગવતનો મુખ્ય વિષય નિષ્કામ ભક્તિ છે. ભક્તિનું ફળ પૈસો નથી, સંસાર સુખ નથી, પણ સ્વયં ભગવાન છે. અને આ નિષ્કામ બનવાની પહેલી સીડી એટલે મંગલાચરણ. ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે - પહેલા સ્કંધમાં વ્યાસદેવનું,બીજા સ્કંધમાં શુકદેવ જીનું અને સમાપ્તિમાં સૂતજીનું. સંદેશ સ્પષ્ટ છે - સવારે ઉઠો ત્યારે મંગલાચરણ કરો, બપોરે કરો અને રાત્રે સૂતા પહેલા પણ કરો. કથામાં બેસો ત્યારે પણ મંગલાચરણ કરીને બેસો.

મંગલ શું છે અને અમંગલ શું છે?

જેનું આચરણ મંગલમય છે તેનું ધ્યાન કરવાથી, તેને વંદન કરવાથી, તેનું સ્મરણ કરવાથી મંગલાચરણ થાય છે, એવા તો એક પરમાત્મા જ છે. શ્રીકૃષ્ણનું ધામ મંગલ છે, નામ મંગલ છે, રૂપ મંગલ છે.

ઈશ્વરનું ચિંતન-ધ્યાન મનુષ્ય કરે તો ઈશ્વરની શક્તિ મનુષ્યમાં આવે છે. ક્રિયામાં અમંગલપણું કામથી આવે છે. કામ જેને સ્પર્શ કરે છે તેનું સર્વ અમંગલ બને છે. શ્રીકૃષ્ણને કામ સ્પર્શ કરતો નથી તેથી તેનું સર્વ મંગલ છે.

અહીં ભાગવત એક ખૂબ સૂક્ષ્મ મનોવિજ્ઞાન સમજાવે છે. જેના મનમાં કામ છે એનું સ્મરણ કરશો તો એનો કામ તમારા મનમાં આવશે. સકામનું ચિંતન કરવાથી આપણા મનમાં સકામતા આવે છે, અને નિષ્કામનું ચિંતન કરવાથી મન નિષ્કામ બને છે.જુઓ શિવજીનું ઉદાહરણ.શિવજીનું બધું બહારથી અમંગલ છે - સ્મશાનમાં રહે, ભસ્મ લગાવે, સર્પોની માળા પહેરે, છતાં તેમનું સ્મરણ મંગલમય છે. કારણ એક જ છે - શિવજીએ કામને બાળીને ભસ્મ કર્યો છે. મનુષ્ય સકામ છે ત્યાં સુધી તેનું મંગલ થતું નથી. તે જ્યારે નિષ્કામ બને છે ત્યારે તેનું બધું મંગલમય થાય છે. ઈશ્વર પૂર્ણ નિષ્કામ છે, તેથી ભગવાનનું સ્મરણ કરો.

કામ જેને મારે એ જીવ અને કામ જેનાથી મરે એ ઈશ્વર.જીવ અમંગલ છે, પ્રભુ મંગલમય છે. આપણું અમંગલ કાર્ય જ આપણને વિઘ્નકર્તા છે, બીજું કોઈ નહીં. દેવો પણ સત્કર્મમાં વિઘ્ન કરે છે, કારણ કે દેવોને ઈર્ષ્યા થાય છે કે આ સત્કર્મ કરનારો ક્યાંક મને પાછળ પાડી દેશે. એટલે વિઘ્ન બહાર નથી, મનમાં છે.

ધ્યાન કોનું કરવું?એકનું કરો,અનેકનું નહીં મંગલાચરણના શ્લોકમાં વ્યાસ જી આગ્રહ નથી કરતા કે એક શ્રી કૃષ્ણનું જ ધ્યાન કરો.ત્યાં ખાસ વિશિષ્ટ સ્વરૂપનો નિર્દેશ નથી. જે ઠાકોરજીના ધ્યાનમાં આપણને આનંદ આવે તે આપણા માટે ઈષ્ટ છે. એકના જ અનેક સ્વરૂપ અને નામ છે. સનાતન ધર્મમાં ઈશ્વર એક જ છે.

એક સુંદર લીલા યાદ કરો.વૃષભાનુ ની આજ્ઞા હતી કે રાધાજી પાસે કોઈ પુરુષને જવાનો અધિકાર નથી. તેથી શ્રીકૃષ્ણ ચંદ્રાવલીનો શણગાર સજી, સાડી પહેરીને રાધાજીને મળવા જાય છે. શ્રીકૃષ્ણ સાડી પહેરે છે એટલે માતાજી બને છે. જે પરમાત્મા, તે જ માતાજી. તત્વ એક જ છે.

ઈશ્વરના સ્વરૂપો અનેક છે પણ તત્વ એક છે. જેમ દીવાની પાસે જે રંગનો કાચ મૂકો તેવો પ્રકાશ દેખાશે, પ્રકાશ તો એક જ છે. સર્વ દેવોનું પૂજન કરો પણ ધ્યાન એક ઈષ્ટદેવનું જ કરો. વંદન દરેક દેવને કરો પણ ધ્યાન એક ઈષ્ટદેવનું જ કરો.કાયમ એક જ સ્વરૂપનું ચિંતન કરો.એક જ સ્વરૂપનું વારંવાર ચિંતન કરવાથી મન શુદ્ધ થાય છે. રામ, શ્રીકૃષ્ણ કે શિવ - પરમાત્માના કોઈ પણ સ્વરૂપને ઈષ્ટ માની તેનું ધ્યાન કરો.જ્યારે ધ્યાન,ધ્યાતા અને ધ્યેય ત્રણેની એકતા થાય ત્યારે પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

ભાગવતનો પ્રથમ સ્કંધ અધિકાર લીલાનો છે. અધિકારી કોણ અને અનાધિકારી કોણ તે વ્યાસજી બતાવે છે. જે એક નિષ્ઠાથી ધ્યાન કરી શકે તે જ અધિકારી છે.

મન બગડ્યું છે તો સુધરશે કેવી રીતે? કીર્તન એ જ ઔષધી ભાગવત આજ્ઞા કરે છે - ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો, કોઈ જીવનું ધ્યાન ન કરો, કોઈ જડ વસ્તુનું ધ્યાન ન કરો. સતત શ્રીકૃષ્ણનું ધ્યાન ન થાય તો વાંધો નહીં પણ જગતના સ્ત્રી-પુરુષનું ધ્યાન ન કરો.સંસારનું ચિંતન કરવાથી મન બગડે છે અને પરમાત્માનું ધ્યાન કરવાથી તે સુધરે છે.અનેક જન્મથી આ મનને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરવા બેસીએ એટલે મન ચંચળ બને અને સંસારના વિષયો દેખાય ત્યારે શું કરવું? ભાગવત કહે છે, પરમાત્માના નામનું વારંવાર ઉચ્ચ સ્વરથી કીર્તન કરો.શ્રીકૃષ્ણ કીર્તન થી જગતનું વિસ્મરણ થાય છે.

પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતા નિહાળતા તેના નામનું કીર્તન કરો. વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે. મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી. તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. આ શરીર ગંદું છે, શરીરનું બીજ અપવિત્ર છે, આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. ઠાકોરજીને મળવા માટે મનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી.ધ્યાન કરવાથી જ જીવ- ઈશ્વરનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મ સંબંધ થતો નથી.

ધ્યાનની પરિપક્વ દશા એ જ સમાધિ છે અને તે જ જીવનમુક્તિ છે. સમાધિ વધુ વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતા જ મુક્તિનો આનંદ મળે છે. એટલે ભાગવત ફરી ફરી કહે છે - ધ્યાન કરો, જપ કરો. એક એક ચરિત્રમાં આ જ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિ એ દોષ નથી. એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે.

ક્રિયા અને લીલા બંધન ક્યાં છે?

જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે. બંનેનું લક્ષ્ય એક જ છે, માર્ગ જુદા છે. તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. નિર્ગુણરૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગોલોકમાં બિરાજેલા છે. ઈષ્ટદેવમાં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દૃઢ વિશ્વાસ રાખો.

અહીં ભાગવત ક્રિયા અને લીલામાં તફાવત કરે છે. પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર હોય છે. ઈશ્વરની લીલા બંધનમાંથી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વનું અભિમાન નથી તે લીલા છે. કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી, રાસ સર્વને લીલા નામથી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે, પોતા માટે નહીં. દૈવી જીવોનું કલ્યાણ કરવા માટે જ ભગવાન લૌકિક જીવોની જેમ લીલા કરે છે.

જગતની ઉત્પત્તિ એ લીલા છે, સ્થિતિ પણ લીલા છે અને વિનાશ એ પણ લીલા છે. વિનાશમાં પણ આનંદ છે.સર્વનો દ્રષ્ટા હું છું. આ 'હું'નો નાશ થતો નથી. જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે. 'હું' ઈશ્વરનો અંશ છું, પણ આ 'હું' અહંકારમાં પરિણમવું ન જોઈએ.

એટલે આજથી નિયમ લો - સવારે મંગલાચરણ, બપોરે મંગલાચરણ અને રાત્રે મંગલાચરણ. જે કામથી મુક્ત છે તેનું જ ધ્યાન કરો, અને તમારું જીવન પણ મંગલમય બનાવો.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા

આહવા : તા. ૦૧: સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ડાંગ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોની હારમાળા યોજાઈ



આહવા : તા. ૦૧: સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત ડાંગ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોની હારમાળા યોજાઈ રહી છે. જેના ભાગરૂપે આગામી તા. ૦૭/૧૦/૨૦૨૬ના રોજ આહવાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે 'સેવા જ્યોતિ કળશ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સફળ સંચાલન અને પૂર્વતૈયારીઓના આયોજન અર્થે ડાંગ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુલદીપસિંહ ઝાલાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

સેવા જ્યોતિ કળશ યાત્રાના પ્રસ્થાનથી કાર્યક્રમના સ્થળ સુધી કાયદો અને વ્યવસ્થા, પબ્લિક મોબિલાઈઝેશન અને સીટિંગ એરેન્જમેન્ટની કામગીરી, સાંસ્કૃતિક કાર્યક્રમ, પાર્કિંગ, ફૂડ પેકેટ, પીવાના પાણી વગેરે જેવી કાર્યક્રમને અનુલક્ષીને આનુસંગિગ વ્યવસ્થાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યક્રમના આયોજન સંદર્ભે વિવિધ સૂચનો આપ્યા હતા. કાર્યક્રમ સફળતાપૂર્વક થાય તેના સુચારુ અને સુવ્યવસ્થિત આયોજન કરવા સંબંધિત અધિકારીશ્રીઓને દિશનિર્દેશ આપ્યા આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી હિતેશ જણકાટ અને વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાની રાષ્ટ્રીય કારોબારીના ઉપમા સત્રની ચોથી બેઠક ૪ ઓક્ટોબરના રોજ ભરતપુરમાં શરૂ થશે

રાષ્ટ્રીય કારોબારીની બીજી બેઠક અને અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાની રાષ્ટ્રીય કારોબારીની ચોથી બેઠક, ગંગા મંદિર, જયપુર, રવિવાર, ૪ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ, હોટેલ જવાલા રિસોર્ટ, સૂર્યા સિટી પાસે, નાગલ ચાંદમારી, મુખિયા ધાબા પાસે, ભરતપુર, રાજસ્થાન ખાતે યોજાશે. આ બેઠકનું આયોજન આયોજન સમિતિ, ખંડેલવાલ યુવા વૈશ્ય સમિતિ, જિલ્લો, ભરતપુર, ડીગ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના પ્રમુખ રમેશ ચંદ્ર ગુપ્તા (તુંગા વાલે), મહાસભાના મુખ્ય કાર્યકારી પ્રમુખ સંજીવ કુમાર કટ્ટા, મહાસભાના વડા પ્રધાન ચંદ્ર પ્રકાશ ખંડેલવાલ, કાર્યકારી પ્રમુખ ગોપાલ ખંડેલવાલ એડવોકેટ મથુરા, કાર્યકારી પ્રમુખ ગિરધારીલાલ ખંડેલવાલ (ડીગ), જયપુર મહાસભાના કાર્યાલય સચિવ રામકિશોર ખુટેટા, ખજાનચી ગંગા રામ ખંડેલવાલ, મહાસભાના ભૂતપૂર્વ વડા પ્રધાન રાકેશ રાવત દિલ્હી, ભૂતપૂર્વ વડા પ્રધાન નરેશ ખંડેલવાલ મંડી ગોવિંદગઢ, મહાસભા મેગેઝિનના મુખ્ય સંપાદક રામ નિરંજન ખુટેટા પણ હાજર રહેશે.

મહાસભાના પ્રમુખ રમેશ ચંદ્ર ગુપ્તા (તુંગા વાલે) એ જણાવ્યું હતું કે સમુદાયના વિકાસ માટેના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે અને મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે. તેમણે સમુદાયના સભ્યોને મોટી સંખ્યામાં બેઠકમાં હાજરી આપવા પણ વિનંતી કરી. આ પ્રસંગે સિક્કિમના મૂળ રુદ્રાક્ષનું પણ દરેકને વિતરણ કરવામાં આવશે.

અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના રાષ્ટ્રીય પ્રવક્તા અને મીડિયા પ્રભારી, પ્રોફેસર રમેશ કુમાર રાવતે જણાવ્યું હતું કે મીટિંગની આયોજક સમિતિમાં સંયુક્ત મંત્રી, ખંડેલવાલ વેશ્યા મહાસભા અને જિલ્લા પ્રમુખ ખંડેલવાલ યુવા વેશ્યા સમિતિ, જિલ્લા ભરતપુર-દીગ, નિખિલ ખંડેલવાલ, વિપુલ તમોલિયા, શિપ્રા ખંડેલવાલ, જિલ્લા પ્રમુખ ખંડેલવાલ, કેહુલ, ખંડેલવાલ, કે. ખંડેલવાલ વૈશ્ય મહાસભા ભરતપુર ડીઈગ, સીએ અંકુર ખંડેલવાલ ભરતપુર, ખેમરાજ મટુકી વાલે કમન, મુનેશ ખંડેલવાલ યુવા પ્રમુખ સીકરી, લોકેશ ખંડેલવાલ સીકરી, ટોનુ માટુકી વાલે કમાન જિલ્લા યુવા કાર્યકારી પ્રમુખ, દીપક તમોલીયા કમાન જિલ્લા મહામંત્રી શુભમ ખંડેલવાલ યુવા પ્રમુખ, નાયબ ખંડેલવાલ યુથ પ્રેસીડેન્ટ, નાયબ જિલ્લા યુવા પ્રમુખ જી. ખંડેલવાલ યુવા પ્રમુખ જુરહરા, પવન ખંડેલવાલ પહાડી, પ્રેમચંદ ખંડેલવાલ ગોપાલગઢ, સંજય ખંડેલવાલ યુવા પ્રમુખ ડીગ, મનોજ ખંડેલવાલ યુવા પ્રમુખ કુમ્હેર, રાજેશ ખંડેલવાલ યુવા પ્રમુખ જનુથર. શહેરના યુવા પ્રમુખ વેદ પ્રકાશ ખંડેલવાલ, મનોજ સિતારે વાલે કુમ્હેર, ખંડેલવાલ વૈશ્ય સમાજ કમાનના મહામંત્રી શંભુ અકાદ, મહાસભાની બેઠકને સફળ બનાવવા માટે સમુદાયના સભ્યો સાથે મળીને કામ કરી રહ્યા છે! તેમની સાથે, તેમની સમગ્ર યુવા ટીમ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કામ કરી રહી છે! રાજસ્થાન, હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, છત્તીસગઢ, ઝારખંડ, આસામ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ સહિત અનેક રાજ્યો અને કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, રતલામ, મુંબઈ, રાજનાંદગાંવ સહિત દેશના ઘણા મોટા શહેરોમાંથી અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના ઘણા પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને આજીવન સભ્યો બેઠકમાં ભાગ લેશે!

ખેલ મહાકુંભ ૨૦૨૬માં કડજોદરા વિદ્યાલયનો દબદબો

ખો-ખો સ્પર્ધામાં અંડર-૧૭ ભાઈઓ તથા ઓપન વિભાગની બહેનોએ તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું



કડજોદરા: ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત તાલુકા કક્ષાની ખો-ખો સ્પર્ધાનું આયોજન કનિપુર ખાતે કરવામાં આવ્યું હતું. તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ભાઈઓની તથા તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બહેનોની ખો-ખો સ્પર્ધા યોજાઈ હતી.

શ્રી કડજોદરા વિદ્યાલય, કડજોદરાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતપ્રદર્શન કરી અંડર-૧૭ ભાઈઓ તથા ઓપન વિભાગની બહેનોએ પ્રથમ સ્થાન મેળવી શાળા તેમજ દહેગામ તાલુકાનું ગૌરવ વધાર્યું હતું. ફાઈનલ મુકાબલામાં રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડની ટીમ સામે શાનદાર રમત રમી આ સિદ્ધિ મેળવી હતી.

આ સિદ્ધિ બદલ શાળાના સંચાલકશ્રી ગુલાબસિંહ ઝાલા સાહેબ, આચાર્યશ્રી નરેન્દ્રસિંહજી ઝાલા સાહેબ, વ્યાયામ શિક્ષકશ્રી રંગુસિંહ ઝાલા તેમજ સમગ્ર શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

મહેનત, આત્મવિશ્વાસ અને ટીમવર્કથી મળેલી આ જીતે કડજોદરા વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે.

સેવા મેરા યોગદાન' અંતર્ગત અરવલ્લી આરોગ્ય વિભાગ દ્વારા એનિમિયા અવેરનેસ કેમ્પ અને આરોગ્ય તપાસ યોજાઈ

'સેવા મેરા યોગદાન' અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સબ સેન્ટરો ખાતે વિવિધ આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત સફાઈ કામદારોની આરોગ્ય તપાસ સાથે એનિમિયા અવેરનેસ કેમ્પ યોજવામાં આવ્યા હતા. કેમ્પ દરમિયાન બાળકો, કિશોરીઓ, સગર્ભા તથા ધાત્રી માતાઓનું એનિમિયા સ્ક્રીનિંગ કરી હિમોગ્લોબિન (Hb) ટેસ્ટ કરવામાં આવ્યો હતો. એનિમિયા અંગેની જાગૃતિ વધારવા તેમજ તેના નિવારણ માટે જરૂરી આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. જરૂરિયાત મુજબ લાભાર્થીઓનેં IFA ગોળીઓ તથાં IFA સિરપનું વિતરણ કરી તેના યોગ્ય અને નિયમિત ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

લાભાર્થીઓને આયર્ન તથા કેલ્શિયમથી ભરપૂર પૌષ્ટિક અને સંતુલિત આહારના મહત્વ અંગે સમજ આપવામાં આવી હતી. એનિમિયાથી બચવા માટે લીલા શાકભાજી, કઠોળ, અનાજ તથા અન્ય પોષક તત્ત્વોથી ભરપૂર ખોરાકને દૈનિક આહારમાં સામેલ કરવા અંગે આરોગ્યપ્રદ આહારની ટેવો માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સફાઈ કામદારોનું બ્લડ પ્રેશર, ડાયાબિટીસ તથા હિમોગ્લોબિન સહિતનું આરોગ્ય સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન જરૂરિયાત જણાય તેવા લાભાર્થીઓને જરૂરી સારવાર તથા આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પાત્ર લાભાર્થીઓને આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંગે માહિતી આપીં E-KYC કાર્ડ જનરેટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી તેમજ આયુષ્માન આરોગ્ય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ સમગ્ર આરોગ્યલક્ષી કામગીરીમાં જિલ્લાના તબીબી અધિકારીઓ, પેરામેડિકલ સ્ટાફ, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO), MPHW, FHW તથા આશા કાર્યકરોએ સક્રિય ભાગ લઈ આરોગ્ય સેવાઓ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. 'સેવા મેરા યોગદાન' અભિયાન અંતર્ગત યોજાયેલી આ પ્રવૃત્તિઓ દ્વારા જિલ્લાના વિવિધ વર્ગના નાગરિકોમાં



એનિમિયા સહિતના રોગો અંગે જાગૃતિ વધારવા અને સમયસર આરોગ્ય તપાસ તથા સારવાર સુનિશ્ચિત કરવા તરફ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. તસવીર અહેવાલ મહેન્દ્ર પટેલ મઠવાસ

રજી ઓક્ટોબર, પૂજ્ય ગાંધી જયંતિ નિમિત્તે ખાસ! - બાપુજીને શબ્દાંજલિ! (સંત સુરા)

રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની રજી ઓક્ટોબરે જન્મજયંતિ નિમિત્તે પૂજ્ય બાપુજીને શત-શત નમન!

પૂજ્ય બાપુજી તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ નથુરામ ગોડસેની ગોળીથી વીંધાયા હતા. ઈતિહાસ સાક્ષી છે કે, ઘટનાસ્થળે બેરેટા ઓટોમેટિક પિસ્તોલ વડે પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ત્રણ ગોળીઓ મારવામાં આવી હતી. ગોળી વાગ્યા બાદ બાપુજી "હે રામ" બોલીને ઢળી પડ્યા હતા.

આજે બાપુને શબ્દાંજલિ રૂપે પ્રચલિત વ્યંગ-રચના સાદર છે. આ રચના સોશિયલ મીડિયા પર "મુસાફર" ના તખલ્લુસથી પ્રચલિત છે, જે આજની વ્યવસ્થા પર સચોટ કટાક્ષ કરે છે:

બાપુને શબ્દાંજલિ - રચનાઃ મુસાફર

વિંધાઈ ગોળીએ કહેવું પડ્યું હે રામ!
બાપુજી તમે જોયું તમારા તપ તણું પરિણામ,
બાપુજી વતન મુક્તિ તમે આપી, અમે જીવનમુક્તિ,
ઉભય પક્ષે બરાબર થઈ ગયો આરામ બાપુજી.

પામું પુનર્જન્મ જો કદી હિંદ ભૂમિએ,
ભૂલો કરી છે એ ફરીવાર ના કરું,
સત્યાગ્રહી થવું તો રહ્યું દૂર પણ હવે,
ક્યારેય સત્ય શબ્દનો ઉચ્ચાર ના કરું.

મળે જો મુક્તિ, સહેજ પણ સત્તાના જવરમાંથી,
તો મારું નામ કાઢી નાંખજો ગાંધીનગરમાંથી.

નથી કોઈ રોકતું કે ટોકતું, બેફામ ચાલે છે,
હતું જે ગુપ્ત પહેલાં, આજ ખુલ્લેઆમ ચાલે છે,
બહુ આરામ છે બાપુ, તમારા પુણ્ય પગલાંથી,
તમારું નામ ચાલે છે, અમારું કામ ચાલે છે.

કૃપા ઈશ્વરની, ચૂંટાયો છું સત્તા સાંપડી,
ધરા પર સ્વર્ગ જોવાની જડીબુટ્ટી જડી છે,
નથી જાણ્યું વતનને પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે લૂંટની હાકલ પડી છે.

જોઉં છું મલકી રહ્યા છો હોઠમાં,
ધન્ય છો બાપુ, નથી કોઈ ખોટમાં,
જીવતાં છો ને ફર્યા ચાદર ને લંગોટમાં,
પણ હવે આવી ગયા છો પાંચસોની નોટમાં.

ખુશ અને સુખી રહો પરમપૂજ્ય બાપુજી...! નત મસ્તક!
★ લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મોડાસામાં સશસ્ત્ર દળના વીરો અને શહીદ પરિવારોનું સન્માન

મોડાસા કે.એન. શાહ હાઈસ્કૂલમાં સેવા સંકલ્પ કાર્યક્રમઃ શહીદ પરિવારોનું ભાવભર્યું સન્માન

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સશસ્ત્ર દળના વીરો અને શહીદ પરિવારોનું સન્માન કાર્યક્રમ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા મોડાસા કે.એન. શાહ હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ દેશ માટે અમૂલ્ય બલિદાન આપનારા વીર જવાનો અને તેમના પરિવારો પ્રત્યે સમાજની કૃતજ્ઞતા વ્યક્ત કરવાના ઉદ્દેશ્યથી આયોજિત કરવામાં આવ્યો હતો.કાર્યક્રમની શરૂઆત દેશભક્તિના ગીતોથી કરવામાં આવી હતી. જેનાથી સમગ્ર વાતાવરણમાં દેશભક્તિનો જુસ્સો અને રાષ્ટ્રીય ગૌરવની ભાવના વધી ગઈ હતી. ગીતોની મધુર અને ભાવપૂર્ણ પ્રસ્તુતિએ કાર્યક્રમને શરૂઆતથી જ એક વિશેષ ઊર્જા પૂરી પાડી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લાની વીર નારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી વિષ્ણુબેન મનહરભાઈ મકવાણા (મુ. બોલુન્દ્રા, તા. મોડાસા), શ્રીમતી આશાબેન શૈલેષકુમાર (મુ. વાંકાનેર, તા. હિલોડા), શ્રીમતી નીરુબેન દિનેશભાઈ (મુ. રામપુર, તા. હિલોડા) અને શ્રીમતી ભારતીબેન ખુશાલભાઈ (મુ. ઝરડા, તા. મેઘરજ) ઉપસ્થિત રહી હતી. આ વીર નારીઓને પુષ્પહાર, શાલ અને સન્માનપત્ર આપીને તેમના પરિવારના ત્યાગ અને સહનશક્તિને યાદ કરવામાં આવ્યું હતું. વીરગતિ પામેલા શહીદોના પરિવારોનું આ ભાવભર્યું સન્માન કાર્યક્રમનું કેન્દ્રબિંદુ બન્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખશ્રીએ જણાવ્યું કે, "આજે અહીં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સશસ્ત્ર દળના વીરો અને શહીદ પરિવારોનું સન્માન કરીને આપણે દેશ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા છીએ. આપણા વીર જવાનોએ દેશની સુરક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. તેમના ત્યાગને કારણે જ આપણે સ્વતંત્ર અને સુરક્ષિત જીવન જીવી શકીએ છીએ.આ વીર નારીઓ અને શહીદ પરિવારો આપણા માટે પ્રેરણાનું સ્ત્રોત છે. તેમની સહનશક્તિ અને દેશભક્તિને અમે હંમેશા યાદ રાખીશું. યુવા પેઢીને આવા કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીય ભાવના અને સેવાના મૂલ્યો સમજાવવા જોઈએ. આપણે સૌએ સંકલ્પ કરીએ કે દેશની સેવા અને એકતા માટે હંમેશા કાર્યરત રહીશું. જય હિંદ!"

આ કાર્યક્રમ યુવા પેઢીમાં રાષ્ટ્રીય ભાવના, સેવાના મૂલ્યો અને દેશપ્રેમ જાગૃત કરવાના ઉદ્દેશ્યથી યોજાયો હતો. આજના સમયમાં જ્યારે યુવાનોને દેશની સેવા અને ત્યાગના મહત્ત્વ વિશે જાગૃત કરવાની જરૂરિયાત છે, ત્યારે આવા કાર્યક્રમો અત્યંત મહત્ત્વના બને છે. સેવા સંકલ્પ અભિયાન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમે સમાજના તમામ વર્ગોને એકસૂત્રે બાંધીને દેશભક્તિની ભાવના મજબૂત કરી છે.કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોએ વીર નારીઓ અને શહીદ પરિવારોને આશીર્વાદ આપ્યા હતા અને તેમના ત્યાગને સદા યાદ રાખવાનું



વચન આપ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખશ્રી, નગરપાલિકા પ્રમુખશ્રી, વિવિધ સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શહીદોના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકસાથે દેશ માટે જીવનનું બલિદાન આપનારા વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

તસવીર અહેવાલ મહેન્દ્ર પટેલ મઠવાસ

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat